# રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડથી સન્માનિત ડૉ. રાજુલ દેસાઈ

ડીસા, તા. ૩

ગુજરાતના પછાત એવા બનાસકાંઠા જિલ્લામાં ઓબીસી જ્ઞાતિમાંથી આવતા ડૉ. રાજુલબેન દેસાઈ કે જેમને પ્રોફેસરથી રાષ્ટ્રીય મહિલા આયોગના સદસ્ય સુધીની સફર કરી જિલ્લાને અને ગુજરાત રાજ્યને ગૌરવ અપાવ્યું છે.



છેલ્લા પંદર વરસમાં કાયદા ક્ષેત્રના તજજ્ઞ તરીકે અને કાયદો, મહિલા વિકાસ અને લૈંગિક અસમાનતા પર પીએચડી કરી વિવિધ મહિલાલક્ષી પુસ્તકો પણ પ્રકાશિત કરેલ છે.

જેમના સામાજિક ઉત્થાનના કાર્યો જેવા કે સ્લમ વિસ્તારની બાળકીઓને ગુડ ટચ-બેડ ટચ, સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાઓ ગ્રામીણ મહિલા સુધી પહોંચાડવાની કામગીરી, યુવાન દીકરા-દીકરીને કાનૂની અધિકાર અંગેના જાગૃતિ કાર્યક્રમ, રાજસ્થાનના ઘણા જિલ્લાઓમાં બાલિકા શિક્ષા અભિયાન, બેટી બચાવો-બેટી પઢાવો અભિયાનના સહ કન્વીનર તરીકે દીકરા-દીકરી વચ્ચે નો ભેદભાવ ઘટાડવાની પ્રશંસનીય કામગીરી કરેલ આવા અનેક કાર્યોથી સમાજમાં બદલાવ લાવવા માટે અને સ્ત્રી શિક્ષણ અંગે ચેતના જગાડવાનું પ્રેરણાદાઈ કાર્ય થકી સમાજમાં એક ક્રાંતિકારી મહિલા તરીકેની આગવી ઓળખ ઉભી કરી જેના ફળશ્રુતિ રૂપે ગુજરાતની આ નારીશક્તિની ભારત સરકારમાં રાષ્ટ્રીય મહિલા આયોગના સદસ્ય તરીકે નિમણૂક કરવામાં આવેલ. રાષ્ટ્રીય મહિલા આયોગમાં રહીને પણ તેઓ પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છે.

તેમની આ છેલ્લા ૧૫ વર્ષની કામગીરી જોઈને આઈઆઈએફએસ દ્વારા ઉત્કૃષ્ટ મહિલા શ્રેણીમાં તેમની પસંદગી કરવામાં આવી હતી. ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર (આઈઆઈસી), નવી દિલ્હી ખાતે ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ના યોજાયેલ કાર્યક્રમમાં ''રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડ''થી સન્માનિત કરવામાં આવેલ. આપણા સૌ માટે આ ગૌરવની વાત છે. ડૉ રાજુલબેન દેસાઈને ખુબ ખુબ શુભકામનાઓ તથા તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી ભગવાનને પ્રાર્થના.

# ઊંઝા વિસ્તારમાં વધતી ગુન્હાખોરી

ઊંઝા, તા. ૩

વેપારીમથક અને યાત્રાધામ ઊંઝા શહેર અને તેની આસપાસના ગામોમાં વધતી જતી ગુનાખોરીને અટકાવવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

છેલ્લા ઘણા વખતથી ઊંઝા પંથકમાં મિલકત વિરૂદ્ધના ગુનાઓ જેવા કે ઘરફોડચોરીઓ, વાહનચોરીઓ, શરીર સંબંધી ગુનાઓ તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓનું પ્રમાણ વધી રહ્યુ છે. જેથી લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. કહે છે કે આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં તેમજ પ્રજાના જાનમાલના રક્ષણમાં સ્થાનિક પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે. અત્રે દારૂ, જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ તેમજ અન્ય સમાજ વિરોધી બદીઓ ધમધોકાર રીતે ચાલી રહી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. પોલીસ દ્વારા અવારનવાર દરોડાઓ પાડવામાં આવે છે. પરંતુ આવી ગેરકાયદેસરની બદીઓ સંપૂર્ણપણે નેસ્તનાબુદ થાય તે દિશામાં કોઈ જ અસરકારક પગલાં ભરાતા નથી. પરિણામે આવી બદીઓ ફૂલીફાલી છે.

અહી દેશી દારૂ ગાળવાની, વેચવાની અને પીવાની પ્રવૃત્તિ સાથે બહારથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પણ આયાત અને વેચાણની પ્રવૃતિ થઈ રહ્યાનુ ચર્ચાય છે. કહે છે કે કેટલાક કથિત ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ગેરકાયદે ચાલતી બદીઓને કહેવાતા હપ્તાની લાલચે સીધી કે આડકતરી રીતે પ્રોત્સાહન આપી રહ્યા છે. જેના લીધે સમાજ વિરોધી બદીઓએ ઉપાડો લીધો છે.

## મોડાસા એમ.એસસી (CA & IT) કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળકયા

મોડાસા, તા. ૩

ધી મ.લા. ગાંધી ઉચ્ચર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસસી (સીએ એન્ડ આઈટી) કોલેજના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ઓકટો-ડીસે ૨૦૧૯ની સેમીસ્ટર-૧ના પરિણામમાં મારીયા રેઝિમોન થાઈલ (યુનિ. ત્રીજો), પંચાલ સીમા ડાહયાભાઈ (યુનિ. ચોથો) પટેલ રિતુબેન રાજેશભાઈ (યુનિ.પાંચમો) અને મથરાની સલોની વિક્રમભાઈ (યુનિ.છઠ્ઠો) ક્રમાંક મેળવી યુનિવર્સિટી કક્ષાએ કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે. આ સિધ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તથા કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.



## અરવલ્લીમાં એસઓજી પોલીસે કાલીયાકુવા પાસેથી ત્રણ શખ્સો ગુન્હાને અંજામ આપે તે પહેલા દેશી બંદૂક સાથે દબોચ્યા

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરાજ્ય સરહદો પર મોટા પ્રમાણમાં ગેરકાયદેસર પ્રવૃતિઓ ધમધમી રહી છે. જીલ્લા એસઓજી પોલીસે મેઘરજના કાલીયાકુવા ગામ નજીકથી બાઈક પર પસાર થતા ત્રણ શખ્સોને અટકાવી તલાસી લેતા દેશી બંદૂક મળી આવતા પોલીસ પણ ચોકી ઉઠી હતી. ત્રણે શખ્સો કોઈ ગુન્હાને અંજામ આપે તે પહેલા દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ સઘન તપાસ હાથ ધરી હતી.



અરવલ્લી જીલ્લા એસઓજી પીઆઈ જે.પી. ભરવાડના માર્ગદર્શન હેઠળ જીલ્લા એસઓજી ટીમે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા સઘન ચેકીંગ હાથ ધરાતા એસઓજી કર્મચારી રાજેશભાઈ, અતુલ ભાઈ અને ઈન્દ્રસિંહને ગેરકાયદેસર દેશી બનાવટની બંદૂક સાથે બાઈક પર શખ્સો ગુજરાતમાં પ્રવેશવાની બાતમી મળતા મેઘરજ કાલીયાકુવા પાસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી રાજસ્થાન તરફથી બાઈક પર આવતા અર્જુનભાઈ પુજાભાઈ ડામોર, સોમાભાઈ હિરાભાઈ ડામોર, પર્વત ઉર્ફે ઘટુસિંગ ભાથીભાઈ ડામોર (તમામ, રહે, ડુકા કેશરપુરા, રાજસ્થાન)ને અટકાવી તલાસી લેતા તેમની પાસેથી દેશી હાથ બનાવટની બંદૂક મળી આવતા ત્રણે શખ્સોને દેશી બંદૂક અને બાઈક કુલ કી.૩૫૦૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## મોહદિષે આઝમ મિશન મોડાસા-સુરતના સમૂહલગ્નમાં ૨૮ નવયુગલોના સામુહિક નિકાહ યોજાયો

મોહદિષે આઝમ મિશન મોડાસા-સુરત દ્વારા આજ રોજ મોડાસા ખાતે ઉજો સમૂહ લગ્ન યોજાયો હતો. મોહદિષે આઝમ મિશન મોડાસા અને સુરત દ્વારા મોડાસાના ગોસીયા મેદાન ખાતે સમૂહ લગ્નોત્સવ યોજાઇ ગયો જેમાં ૨૮ નવ યુગલોના સામૂહિક નિકાહ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નવદંપતી ઓને સૈયદ હસન અશ્કરી અશરફ સાહેબે આશીર્વાદ આપી દેશમાં શાંતિ અને ભાઈચારા માટે પ્રાર્થના કરી હતી. મિશન દ્વારા અશરફી ટીફીન સેવા પણ શરૂ કરવામા આવી છે જેમા ગરીબ વિઝવા સહાય બિમાર લોકોને નિઃશુલ્ક ટીફીન પહોચાડવામા આવે છે. આ પસંગે જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, બાયડના ધારાસભ્ય જસુભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં રાજકીય સામાજિક કાર્યકરો મહાનુભવો ઉપસ્થીત હાજર રહ્યા હતા.



## ટડાવ ખાતે પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા હાથ ધરાયેલ રાજ્યવ્યાપી પોષણ અભિયાન અંતર્ગત બનાસકાંઠાના વાવ તાલુકાના ટડાવ ખાતે પણ પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. સંકલિત બાળ વિકાસ યોજનાના વાવ ઘટક દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં પાલનપુર ખાતેના નાયબ પોલીસ અધિક્ષક આર.કે. પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય ધેગાભાઈ પરમાર, વાવના મામલતદાર, વાવના સીડીપીઓ, મુખ્ય સેવિકા બહેનો, બ્લોક કો ઓર્ડીનેટર, આજુબાજુના ગામોના સરપંચો તેમજ અન્ય અગ્રણીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ સંપન્ન થયા બાદ મામલતદારે ટડાવ ગામના આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ આ કેન્દ્રમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાનું પ્રત્યક્ષ નિરીક્ષણ પણ કર્યું હતું.

## વડગામના પેપોળમાં આવેલા અંબાજીના મંદિરમાં ચોરી

વડગામ, તા. ૩

વડગામ વડગામ તાલુકાના પેપોળમાં આવેલા અંબાજી મંદિરમા રાત્રીના સમયે કોઇ અજાણ્યા શખ્સો દ્વારા મંદિરનું તાળું તોડીને મંદિરમાંથી ચોરી કરી જતા ચકચાર મચી ગઈ છે. પેપોળમાં આવેલા અંબાજી મંદિરમા રવિવારના રાત્રીના સમયે કોઇ અજાણ્યા તસ્કરો દ્વારા મંદિરના દરવાજાનું તાળું તોડીને અંદર પ્રવેશ કરી મંદિરમા પડેલ એમ્પ્લી જેની કિંમત રૂ. આશરે ૧૦,૦૦૦ દસ હજારની કીમતની એમ્પ્લી ઉઠાવી જઈને ચોરી કરીને લઈ જતા ચકચાર મચી ગઈ હતી. આ અંગેની જાણ સવારે ગ્રામજનોને થતાં જ ગામના સરપંચ ભરતસિંહ સોલંકી, ગામના આગેવાન જેઠાભાઈ રઘનાથભાઈ પટેલ, પુર્વ સરપંચ ખેમાભાઈ પ્રજાપતિ, લક્ષ્મણભાઈ સોલંકી, કાનજીભાઈ પટેલ, દિનેશભાઈ પ્રજાપતિ સહીત આવીને વડગામ પોલીસને જાણ કરી હતી. વડગામ પોલીસના કર્મીઓને પેપોળ દોડી આવીને મંદિરમાં તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.





## વડગામ નજીક બેફામ દોડતા ડમ્પરે ઉભેલા ટ્રેકટરને ટક્કર મારી

વડગામ તાલુકાના છાપીથી વાયા વરસડા વેસા-રૂપાલ રોડને પહોળો બનાવવા કામગીરી છેલ્લા કેટલાક સમયથી કરાઇ રહી છે. જે કામગીરી રાત્રીના સમયે કરાતી હોવાની પણ રાડ ફરીયાદો આ વિસ્તારના લોકો થઈ રહી છે. ત્યારે રવિવારના રાત્રીના સમયે દાંતા તાલુકાના ભેમાળ તરફથી રોડની સાઈડોના પુરાણ માટેનો મટેરીયલ લઈને પુરઝડપે પસાર થઈ રહેલા ડમ્પરના ચાલકે વડગામથી ખેરાલુ તરફ જતા નેશનલ હાઈવે પર આવેલા મેમદપુર લિબોઈ ત્રણ રસ્તા પાસેના પેટ્રોલ પંપ નજીક રોડની સાઈડમાં ઉભેલા ટ્રેકટરને અડફેટમાં લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને ટ્રેકટરને ટ્રોલીનો ટ્રોલી સાથે કચ્ચરઘાણ વળી ગયો હતો. સદનસીબે મોટી જાનહાની ટળી હતી. ડમ્પરે ટ્રેકટરને ટક્કર માર્યા બાદ બાજુમાં ઉભેલા ટ્રકને અથડાતાં ઉભેલા ટ્રકનું ટાયર ફાટતાં ભયાનક અવાજથી આસપાસમાથી લોકો દોડી આવ્યા હતા.

# પ્રાંતિજના નવા બાકલપુર પ્રાથમિક શાળાના બાળકોને સ્વેટરનું વિતરણ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નવા બાકલપુર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને સ્વેટરનુંવિતરણ કરવામાંઆવ્યુંહતુ.



પ્રાંતિજના નવા બાકલપુર ખાતે આવેલ નવા બાકલપુર પ્રાથમિક શાળામાં ધોરણ એકથી પાંચમાં અભ્યાસ કરતા બાળકોને આકરી ઠંડીમાં પ્રાંતિજ તાલુકાના મોયદ નાથાજી વાસમાં રહેતાં પટેલ સુનીલભાઈ ભોળાભાઈ તેમણી દિકરી અનીકાના જન્મ દિવસને લઈને સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના લાબડીયા અને પ્રાંતિજના મોયદ નાથાજી પ્રાથમિક શાળા તથા પ્રાંતિજના નવા બાકલપુર પ્રાથમિક શાળાના બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને પણ આ કડકડતી ઠંડીમાં સ્વેટરો મળતા તેમના ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી. નવા બાકલપુર પ્રાથમિક શાળાના આચાર્ય રાવલ તપેન્દ્રભાઈ તથા શાળાના શિક્ષિકાબેન હિનાબેન જોષી દ્વારા તેમણી દિકરીના જન્મ દિવસની શુભેચ્છાઓ શુભકામના પાઠવી હતી અને તેમનો તથા પરિવારનો આભાર માન્યો હતો.



## ખેડબ્રહમામાં સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

આજરોજ ખેડબ્રહ્મા ખાતે જિલ્લા ઓઆઈસીના માર્ગદર્શન હેઠળ ખેડબ્રહ્મા બીઆરસી પર દિવ્યાંગ બાળકોનો સાધન સહાય કેમ્પ યોજાઇ ગયો જેની વિગતો આપતા બીઆરસી પિયુષકુમાર જોષીએ જણાવ્યુકે સદર કેમ્પમાં ખેડબ્રહમા તાલુકાના દિવ્યાંગ બાળકો પૈકી એમઆર બાળકોને ૩૧ એમએસઆઈડી કીટ, સીપી બાળકોને ૮ સીપીચેર તથા એચઆઈ બાળકો ૧૪ હીયરીંગ એઈડ તથા ઓએચ બાળકોને ૧૭ કેલીપરસ ૩ ટ્રાઈસીકલ ૩ વ્હીલચેર, જયારે અંધ બાળકોને ૨ ડેઝી પ્લેયર અને ૪ બ્રેલકીટ એમ કુલ ૮૨ સાધનોની સહાય આપવામાં આવી સદર સાધનોના ઉપયોગ થકી દિવ્યાંગ બાળકો સરળતાથી પોતાનું શૈક્ષણિક કાર્ય કરી શકે અને ગુણવત્તા યુકત શિક્ષણ મેળવી શકે તેવો હેતુ છે.

## એક્સટેન્શન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીઓ તેમને ઓળખે છે તે અધિકારીઓના મત મુજબ ડીજીપી શિવાનંદ ઝા સત્તા વગર રહે શકે તેમ નથી તેના કારણે જ તેમણે ખાનગીમાં એક્સટેન્શન મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આઈપીએસ અધિકારી સુત્રોના જણાવ્યાનુસાર ડીજીપી શિવાનંદ ઝાને ૩-૩ મહિના મળી કુલ ૬ મહિનાનું એટલે દિવાળી સુધી તેમને એક્સટેન્શન આપવામાં આવે તેવી ગણતરી છે.

ડીજીપી શિવાનંદ ઝાને એક્સટેન્શન આપવા માટે જ ગયા ઓક્ટોબર મહિનામાં આશિષ ભાટીયાને અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર બનાવવામાં આવ્યા હતા. ૧૯૮૫ બેચના આશિષ ભાટીયા મે-૨૦૨૨માં નિવૃત્ત થવાના છે. આમ તેઓ હાલમાં ડીજીપી બને તો ૨ વર્ષ સુધી ડીજીપીના કાર્યકાળમાં રહી શકે પરંતુ જો શિવાનંદ ઝાને ૩-૩ મહિનાનું બે વખત એક્સટેન્શન આપવામાં આવે તો આશિષ ભાટીયાના ડીજીપી તરીકેના કાર્યકાળમાંથી છ મહિના બાદ થઈ જશે.

આમપણ શિવાનંદ ઝા એપ્રીલ મહિનામાં નિવૃત્ત થાય ત્યા સુધીનો તેમનો ડીજીપી તરીકેનો કાર્યકાળ ૨૬ મહિનાનો રહેશે. આમ જો દિલ્હીમાં બેઠેલા ગુજરાતના મોદી-શાહ ઈચ્છશે તો જ શિવાનંદ ઝાને એક્સટેન્શન મળી શકશે. અધિકારી સુત્રોના જણાવ્યાનુંસાર શિવાનંદ ઝાને જો ગુજરાતમાં એક્સટેન્શન આપવામાં નહીં આવે તો તેમને નિવૃત્તી પછી દિલ્હીમાં કોઈ સારી જગ્યા મળે તેના માટે પણ પ્રયત્નો કરી રહ્યા છે.

## સુવર્ણ જયંતિ વર્ષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેરીના ૫૦ વર્ષ પુર્ણ થતા મધુર એવોર્ડ ખુલ્લો મુકાશે. જયારે આ એવોર્ડ આગામી વર્ષે વિવિધ મહીલા , શાળાઓ , દુધ ઉત્પાદકો અને વિશિષ્ટ કામગીરી કરનારા સંસ્થા કે વ્યકિતને આપવામાં આવશે. ચાલુ વર્ષે મધુર ડેરી દ્વારા મહાસોવિનયર બહાર પડાશે. જેમાં મધુર ડેરીની પ્રગતિનો ચિતાર રજુ કરાશે. જેમાં મધુર ડેરીના લક્ષ્યાંકો પણ રજુ કરાશે. દુધ ઉત્પાદકોને વધુ પોષણક્ષમ ભાવો આપવા માટેની યોજનાઓ પણ માહીતીદર્શક બની રહેશે. ડેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં શહેર તેમજ નગર વિસ્તારના પાર્લરોમાં જુદી જુદી જાતની ઓર્ગેનિક શાકભાજી ખેડુતના ખેતરથી ખરીદી કરીને પેકીંગ કરીને વ્યાજબી ભાવે સારી ગુણવત્તાવાળી શાકભાજી પુરી પાડી છે.જેનો પ્રતિસાદ પણ ગ્રાહકો તરફથી સાંપડી રહ્યો છે. આ વર્ષથી મોટાપાયે સંઘ બને તેવો લક્ષ્યાંક છે. જયારે પશુઓને સારવાર માટે ઘરગથ્થુ ઉપચાર કરવા મધુર ડેરીની વ્યવસ્થા પણ શરૂ કરશે જેથી દુધની ગુણવત્તામાં પણ સુધારો થશે.

## સંયોગ નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. મોદીએ કહ્યુ હતું કે, એક કાનુને લઈને વિરોધ હોય છે અને સરકારના આશ્વાસન બાદ આ વિરોધપ્રદર્શન ખતમ થઈ જાય છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા જોરદાર રમત રમવામાં આવી રહી છે. નાગરિક કાનુનની સામે સિલમપુર, જામિયા અને શાહીનબાગમાં પ્રદર્શન થયા છે. આ પ્રદર્શન સંયોગ નહીં એક પ્રયોગ તરીકે છે. આની પાછળ રાજનિતી ખતમનાક રીતે રમાઈ રહી છે. જે રાષ્ટ્રની એકતાને નુકસાન કરનાર છે. સર્જિકલ સ્ટાઈક ઉપર અહીં દિલ્હીમાં અમારી સેના સામે પ્રશ્નો સામે ઉઠાવનાર એવા લોકો હતા. આ લોકોને શંકા હતી કે ત્રાસવાદીઓને તેમના ઘરમાં ઘુસીને ભારતીય સેનાના જવાનો મારીને આવ્યા છે કે કેમ. તેમણે એમ પણ કહ્યું હતું કે, બિહારમાંથી આવનાર બસોને દિલ્હીમાં ઘુસવાની મંજુરી આપવામાં આવી રહી નથી. આ એજ લોકો છે જે કહે છે કે, પૂર્વોચલથી ૫૦૦ રૂપિયાની ટિકિટ લઈને બિહારી વ્યક્તિ આવે છે અને લાખો રૂપિયાની સારવાર લઈને જતા રહે છે. બિહાર અને પૂર્વાચલ પ્રત્યે તેમની આ વિચારધારા છે.

મોદીએ કહ્યું હતું કે, જીએસટીના પરિણામ સ્વરૂપે ગરીબ અને મધ્યમવર્ગની જરૂરિયાતની ૯૯ ટકા ચીજો પર પહેલાથી જ ટેક્સ ઓછા થઈ ગયા છે. પહેલા સરેરાશ જીએસટીના રેટ ૧૪.૪ ટકા હતા. હવે તેને ઘટાડો કરતા કરતા ૧૧.૮ ટકા લાવવામાં આવ્યો છે. જેથી ગરીબ અને મધ્યવર્ગના આશરે બે લાખ કરોડ રૂપિયા બચી ગયા છે. બેંકોને મજબુત કરવામાં આવી રહી છે. બેંકની સેવાને દેશના લોકો માટે સુવિધા જનક બનાવવામાં આવી રહી છે. બેંકોમાં જમા રહેલી રકમ પર ગેરેન્ટીને એક લાખ રૂપિયાથી વધારીને પાંચ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. બજેટમાં આ બાબત ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે કે, મધ્યવર્ગના હાથમાં વધારે પૈસા આવે એક નવો ટેક્સ સ્લેબ લવાયો છે.

મોદીએ એમ પણ કહ્યું હતું કે, બજેટમાં લેવામાં આવેલા પગલા અંગે મોદીએ વિસ્તાર પૂર્વક વાત કરી હતી. પાંચ કરોડના ટર્ન ઓવરવાળા કારોબારીઓને ઓડિટથી મુક્તિ મળશે. કોમન એક્ઝામથી અલગ અલગ વ્યવસ્થાના રસ્તાઓ ખુલી ગયા છે. હવે નેશનલ રિક્રુટમેન્ટ બોર્ડ બનાવવામાં આવશે.

## ઉંચી સપાટી પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌથી ધીમી હાલમાં રહી હતી. માંગ વધી જવાના કારણે જાન્યુઆરી મહિનામાં કારોબાર, ઉત્પાદન, નિકાસ અને રોજગારની તકો વધી છે. આ ગાળા દરમિયાન સેન્ટિમેન્ટમાં મજબુતી આવી છે. જો કે આ ગાળા દરમિયાન ઈનપુટ અને આઉટપુટ ચાર્જમાં પણ કેટલાક પ્રમાણમાં વધારો જોવા મળ્યો છે. આઈએચએસ માર્કેટ મેન્યુફેકચરિંગ પીએમઆઈ ડિસેમ્બર મહિનામાં ૫૨.૭ની તુલનામાં જાન્યુઆરીમાં વધીને ૫૫.૩ સુધી પહોંચી જતા નવી સ્થિતી સર્જાઈ ગઈ છે. આ આઠ વર્ષમાં સૌથી ઉંચી સપાટી છે. માંગ વધવાના કારણે વિકાસની ગતિમાં તેજી આવી શકે છે. નવેમ્બર ૨૦૧૮ની તુલનામાં નિકાસમાં ભારે વધારો થવાના કારણે વેચાણમાં વધારો થયો છે.

## ડ્રામા હતો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેગડેએ આટલેથી અટકવાને બદલે વધુમાં કહ્યું કે, અસલમાં ભારતનો સ્વતંત્રતા સંગ્રામ વાસ્તવિક લડાઈ નહોતી. તે સામંજસ્યના આધારે રચવામાં આવેલા સ્વતંત્રતા સંગ્રામ હતો. ભૂતપુર્વ કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે જે લોકો કોંગ્રેસનું સમર્થન કરતા હતા તેઓ એમ જ કહેતા હતા કે ભારતને આઝાદી ભૂખ હડતાળ અને સત્યાગ્રહથી મળી. આ ખરું નથી. અંગ્રેજોએ સત્યાગ્રહને લીધે દેશ છોડ્યો ન હતો. તેમણે આપણને આઝાદી નિરાશાને લીધે આપી હતી.